સાતમા પગાર પંચની ભલામણ અન્વયે થયેલ પગાર સુધારણા સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં આનુષાંગિક ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

નાણા વિભાગ,

ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૧/૦૧/૨૦૧૯

વંચાણમાં લીધા:-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૪-મ, તા. ૧૬-૮-૯૪

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા. ૨-૭-૨૦૦૭

(૪) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:પગર-૧૦૦૯-૫૬-પએ(મ) તા.૧૮/૦૨/૨૦૧૧

(૫) નાણા વિભાગની સંકલિત સૂચના ક્રમાંક: પગર-૧૦૨૦૧૫-૬૦૫૫૧૫-મ તા.૩૦/૦૯/૨૦૧૫

(૬) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-૧-પ.એ. તા.૧૬/૦૮/૨૦૧૬

(૭) નાણા વિભાગના જાહેરનામા ક્રમાંક:(જીએન-૪૯) પગર-૧૦૨૦૧૬-૨-પ.એ તા.૧૯-૮-૨૦૧૬

**આમુખ:-**

નાણા વિભાગના ઉપર વંચાણે લીધામાં ક્ર: (૧) અને (૨) દર્શાવેલ ઠરાવોથી રાજ્ય સરકારના કર્મચારીઓ અને શિક્ષકો માટે ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મૂકવામાં આવેલ હતી. તા.૨-૭-૨૦૦૭ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજના અમલમાં મૂકવવામાં આવેલ છે. જ્યારે છઠ્ઠા પગાર પંચની ભલામણો સંદર્ભે પગાર સુધારણાના અમલને અનુલક્ષીને તા.૧૮-૨-૨૦૧૧ના ઠરાવથી મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણના માળખામાં અનુરૂપ ફેરફાર કરવામાં આવેલ હતો. સાતમા કેન્દ્રિય પગાર પંચની ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે અને નાણા વિભાગના તા.૧૬-૮-૨૦૧૬ના ઠરાવથી તે અંગેના હુકમો કરવામાં આવેલ છે. જ્યારે તા.૧૯-૮-૨૦૧૬ના જાહેરનામાથી ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ બહાર પાડવામાં આવેલ છે.

સાતમા પગાર પંચની ભલામણ મુજબ પગાર સુધારણાના અમલ સંદર્ભે સુધારેલ પગાર માળખામાં ઉચ્ચતર પગાર ધોરણ યોજના હેઠળ મળવાપાત્ર પગાર ધોરણ(પે મેટ્રીક્ષમાં લેવલ) નક્કી કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે કર્મચારીઓ/અધિકારીઓ અને શિક્ષકોને મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠ રા વ:-**

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ તારીખ ૧લી જાન્યુઆરી-૨૦૧૬ થી આમુખ:(૭) માં દર્શાવેલ જાહેરનામા દ્વારા અમલમાં આવેલ છે. આ પગાર સુધારણાના પરિણામે હાલમા અમલમાં રહેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં નીચે મુજબ આનુષાંગિક ફેરફાર કરવામાં આવે છે.

**(૧)** સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ની અનુસૂચિ તરીકે જોડેલ પે મેટ્રીક્ષના લેવલ-૮ થી વધતું ન હોય તેવી જગ્યાઓને આ યોજના લાગુ પડશે.

**(૨)(ક)** પ્રથમ અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ એટલે તરત પછીની બઢતીની જગ્યાનું પગાર ધોરણ, પરંતુ જે જગ્યા માટે જુદા જુદા પગાર ધોરણની એક થી વધુ બઢતીની જગ્યાઓ હોય ત્યારે બઢતીની જગ્યાઓમાંની સૌથી નીચલી જગ્યાના **પે મેટ્રીક્સના લેવલ** મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

પરંતુ બઢતીનું કોઇ પગાર ધોરણ/માળખું/જગ્યા ન હોય એવા કેસમાં તેના હાલના પે મેટ્રીક્ષના લેવલને મળતું આવતું યથા પ્રસંગ પ્રથમ અથવા દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ આ સરકારી ઠરાવ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબ સાતમા પગાર પંચ મુજબની પે મેટ્રીક્ષના વિદ્યમાન લેવલ પછીનું તરતનું લેવલ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

વિશેષમાં, જુદા જુદા પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં, તે જગ્યાઓના પ્રથમ, અને દ્વિતિય ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પે મેટ્રીક્ષના લેવલને બદલે, તેના હાલના લેવલની સામે આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબનું લેવલ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થશે.

**(ખ)** શિક્ષકોને નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર-૧૧૯૪-૪૫-મ, તા. ૧૬-૮-૯૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પાત્રતાનુસાર ૯, ૨૦ અને ૩૧ વર્ષે પ્રથમ, દ્વિતિય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણ સુધારેલ પગાર માળખામાં અનુરૂપ લેવલ મુજબ પરંતુ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાના ઠરાવોની અન્ય શરતોને આધિન મળવાપાત્ર થશે.

**(૩)** આ યોજના હેઠળ બઢતીની જગ્યાનું મળવાપાત્ર ઊચામાં ઊંચું પગાર ધોરણ છઠ્ઠા પગાર પંચ મુજબના પીબી-૩, રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦+૫૪૦૦ ગ્રેડ પે ને અનુરૂપ સાતમા પગાર પંચ મુજબ **પે મેટ્રીક્સનું લેવલ-૧૦** રહેશે.

**(૪)** સાતમા પગાર પંચ મુજબના સુધારેલ પગાર માળખામાં કર્મચારીની એકાકી જગ્યાનું લેવલ-૮ હોય અને જે કેસોમાં અનુસૂચિ મુજબનુ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર છે તેવા કેસોમા ઉચ્ચતર પગાર ધોરણ તરીકે **તરત પછીનું લેવલ,** લેવલ-૯ મળવાપાત્ર થશે.

**(૫)** આમુખ:(૩) માં દર્શાવેલ ઠરાવના ફકરા-૨(૧૯) પ્રમાણે વર્ગ-૪ ના કર્મચારીઓને તા.૧-૧-૨૦૧૬ થી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ **સાતમા પગાર પંચ મુજબ પે મેટ્રીક્સનું લેવલ આઈએસ-૨** અને બીજું ઉચ્ચતર પગાર ધોરણ **પે મેટ્રીક્સનું લેવલ આઈએસ-૩** મળવાપાત્ર થશે.

**(૬)** ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ ના નિયમ-૧૨ પ્રમાણે પગાર બાંધણી કરવાની રહેશે.

(૭) નાણા વિભાગના જુદા જુદા ઠરાવોથી નક્કી કરવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ યોજનાની અન્ય શરતો/જોગવાઈઓ યથાવત રહેશે, તેમજ ઉક્ત ઠરાવના અર્થઘટનના પ્રસંગે મૂળ ઠરાવની જોગવાઇઓ આખરી ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ.પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુ. વિ. સ, સચિવાલય, ગાંધીનગર
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
સર્વે ખાતાના વડાઓ/કચેરીના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર
નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે સહાયક જિલ્લા નિરીક્ષકશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
સર્વે માન્ય કર્મચારી મંડળો
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
પસંદગી ફાઇલ નાણા વિભાગ- મ, ચ, પેન્શન અને ઝ શાખા

* પત્ર દ્વારા

# અનુસૂચિ

(નાણા વિભાગના તા. ૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.) નું બિડાણ)

| ક્રમ | તા.૦૧/૦૧/૨૦૧૬ થી સુધારેલ પગાર માળખા મુજબ | | તા.૦૧/૦૧/૨૦૧૬ થી સુધારેલ પગાર માળખા સામે મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ. | |
|---|---|---|---|---|
| | પે મીટ્રીક્ષનું લેવલ | લઘુત્તમ પગાર રૂ. | પે મીટ્રીક્ષનું લેવલ | લઘુત્તમ પગાર રૂ. |
| ૧ | આઇ એસ-૧ | ૧૪૮૦૦ | આઈએસ-૨ | ૧૫૦૦૦ |
| ૨ | આઇ એસ-૨ | ૧૫૦૦૦ | આઈએસ-૩ | ૧૫૭૦૦ |
| ૩ | આઇ એસ-૩ | ૧૫૭૦૦ | ૧ | ૧૮૦૦૦ |
| ૪ | ૧ | ૧૮૦૦૦ | ૨ | ૧૯૯૦૦ |
| ૫ | ૨ | ૧૯૯૦૦ | ૩ | ૨૧૭૦૦ |
| ૬ | ૩ | ૨૧૭૦૦ | ૪ | ૨૫૫૦૦ |
| ૭ | ૪ | ૨૫૫૦૦ | ૫ | ૨૯૨૦૦ |
| ૮ | ૫ | ૨૯૨૦૦ | ૬ | ૩૫૪૦૦ |
| ૯ | ૬ | ૩૫૪૦૦ | ૭ | ૩૯૯૦૦ |
| ૧૦ | ૭ | ૩૯૯૦૦ | ૮ | ૪૪૯૦૦ |
| ૧૧ | ૮ | ૪૪૯૦૦ | ૯ | ૫૩૧૦૦ |

# <u>બાંહેધરી પત્રક</u>

(નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ. સાથેનું બાંહેધરી પત્રક)

આથી, નાણા વિભાગના તારીખ ૦૧-૦૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: પગર-૧૦૨૦૧૬ યુઓ-૧૨૧-(૨૨)-પગાર એકમ હેઠળ ઉચ્ચતર પગાર ધોરણની યોજના અન્વયે પગાર નકકી થવાને લીધે, મને ચુકવાયેલ વધારાની રકમ, પગાર ધોરણો આખરી થયે મારી બાકી નીકળતી રકમ હોય તો તે, પરત કરવા સંમત થાઉં છું.

સ્થળ:-

તારીખ:-

સહી:-

નામ:-

હોદ્દો:-

જયાં કામે રાખેલ
હોય તે કચેરી:-

મારી સમક્ષ સહી કરી

સહી:-

(બિન રાજયપત્રિત સરકારી કર્મચારીના કેસમાં) કચેરીના વડા

સહી:-

(રાજયપત્રિત અધિકારીના કેસમાં) અન્ય રાજયપત્રિત અધિકારી.